<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/3/452

વિષય:

વડોદરા જિલ્લામાં ગોકુળ ગામ યોજનામાં ઓઈલ એન્જિન ખરીદીમાં ગેરરીતિ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 02/09/2023 | તારીખ 08/09/2023 | 04/09/2023 |

*15/3/452 શ્રી ચિરાગકુમાર અરવિંદભાઇ પટેલ (ખંભાત)

ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ જણાવવા કૃપા કરશે કે:-

ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૨/૦૨/૨૦૧૯ના રોજ ચોવીસમી અતારાંકિત યાદીમાં સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૩૦૫ના અનુસંધાને માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) વડોદરા જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સી હેઠળ ગોકુલ ગામ યોજનામાં ઓઈલ એન્જીન ખરીદીમાં થયેલ ગેરરીતિ બાબતે તકેદારી આયોગના આ પ્રકરણે પંચાત વિભાગના તા. ૧૮-૧-૧૮ના પત્રથી આ અંગેની તપાસ નિવૃત્ત કાર્યપાલક ઈજનેર અમદાવાદ શ્રી બી. ડી. વાઘેલાને સુપરત કરવામાં આવેલ અને તે અહેવાલ તપાસનીશ અધિકારીશ્રી દ્વારા સરકારશ્રીમાં રજૂ થવા પર બાકીમાં હતો તો તા.૩૧-૭-૨૦૨૩ની સ્થિતિએ તપાસનીશ અધિકારી તરફથી અહેવાલ ક્યારે મળેલ છે,

(૨)તે અન્વયે ઉક્ત સ્થિતિએ કયા કસુરવાર અધિકારીઓ-કર્મચારીઓ સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(3) ઉક્ત ખરીદીમાં કેટલા રૂપિયાની નાણાકીય ગેરરીતિ સામે આવે છે ?

----